થોરાળા પોલીસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૨૦૮૦૫૬૨૬૦૧૮૭/૨૦૨૬ ,ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(ઈ), ૧૧૬(બી),૯૮(૨) ના કામે આરોપી મુસ્તુફા ખમીશાભાઇ સફીયા ઉ.વ.૨૬ હાલ રહે.રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.૨૦,જંગ્લેશ્વર મેઇન રોડ,રાજકોટ મુળ રહે.ધુંવાવ મસ્જીદ પાસે,સુફીયાન પ્રોવીઝન સ્ટોરની બાજુમાં,ધુંવાવ ગામ તા.જી.જામનગર નાઓની જામીનઅરજી લગત હુકમ:

---

(૧) સાંભળ્યા, રેકર્ડ વંચાણે લીધુ, જામીન અરજી વંચાણે લીધી, હાલના આરોપી તરફે તેમના વિ.વ.શ્રી કે.જે.જાડેજાની રજુઆત છે કે હાલના આરોપી ની અગાઉ રીમાન્ડ અરજી મંજુર થયેલ હોય અને આરોપી પાસેથી કોઈ અન્ય વ્યકિત સંડોવાયેલ કે કેમ તે બાબતેની કોઇ વિગતો મળેલ નથી અને બનાવવાળી જગ્યાએથી આરોપી નાસી ગયેલ હોય તેવુ બનેલ નથી તથા આરોપી કયાંય નાસી ભાગી જાય તેવા નથી અને રાજકોટના સ્થાનીક રહેવાસી છે.નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરીશુ જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલી છે.

(૨) એ.પી.પી.શ્રી ને સાંભળ્યા .

(૩) સદર કામે રેકર્ડ તથા જામીન અરજી વંચાણે લીધી, બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી, સદરકામે આરોપી/અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓની જોગવાઈઓ ધ્યાને લેતા મહતમ દસ વર્ષની સજાને પાત્ર ગુનો છે અને આરોપીના કબજામાંથી પોલીસે કુલ ૧૨૦૦ નંગ ચપલા જેની કિ.રૂ.૩,૮૮,૩૨૦/–નો વિદેશીદારૂની અલગ અલગ બ્રાંડનો જથ્થો કબજે

કરેલો હોય અને આવા ગુનાઓ રોજબરોજ વધતા જતા હોય તેમજ આરોપીનો ગુનાહીત ઈતિહાસ હોય અને સમાજ પર તેની અવળી અસર થતી હોય જેથી આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય આવતુ ન હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી મુસ્તુફા ખમીશાભાઈ સફીયા ઉ.વ.૨૬ હાલ રહે.રાધાકૃષ્ણ સોસાયટી શેરી નં.૨૦,જંગ્લેશ્વર મેઈન રોડ,રાજકોટ મુળ રહે.ધુંવાવ મસ્જીદ પાસે,સુફીયાન પ્રોવીઝન સ્ટોરની બાજુમાં,ધુંવાવ ગામ તા.જી.જામનગરનાઓની થોરાળા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૨૦૮૦૫૬૨૬૦૧૮૭/૨૦૨૬ ,ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી),૯૮(૨) લગતની જામીન અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૭/૦૩/૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા.૨૭/૦૩/૨૦૨૬

ઇ./ચા.બીજા એડી.જયુડીશ્યલ
મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ રાજકોટ